# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧
:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com
web :- www.suratdeo.org

જા.નં./પ્રાથમિક રોસ્ટર/૨૦૨૬/ 6765 તા.૨૭-૦૫-૨૦૨૬.

પ્રતિ,
અનુદાનિત પ્રાથમિક શાળાઓ તમામ, જિ-સુરત.

**<u>વિષય</u>** :- અનુદાનિત પ્રાથમિક શાળાનાં શિક્ષકો તથા મુખ્ય શિક્ષકોનાં (વર્ગ-૩)નાં રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબત.

**<u>સંદર્ભ</u>** :- નાયબ શિક્ષણ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનાં પત્ર ક્રમાંક:- પ્રાશિનિ/ખ-૨/અનુ.રોસ્ટર/૨૦૨૬/૨૧૩૫-૬૮, તા-૧૯/૦૫/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે અન્વયે જણાવવાનું કે સુરત જિલ્લાની અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો તથા મુખ્ય શિક્ષકોનાં (વર્ગ-૩)નાં રોસ્ટર રજિસ્ટર **<u>તા.૩૧-૦૫-૨૦૨૬ની સ્થિતિએ ખાલી જગ્યાનાં રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાની ઉક્ત સંદર્ભથી સૂચના અત્રેની કચેરીને મળેલ છે. જેથી આપની શાળામાં અનામતની ટકાવારી અને રોસ્ટર રજિસ્ટર રેગ્યુલર (સામાન્ય રોસ્ટર રજિસ્ટર) અને દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર બનાવી</u>** શાળાના આચાર્યશ્રી તથા આ બાબતના જાણકાર કર્મચારીએ રૂબરૂ રોસ્ટર રજીસ્ટર હવે પછી કેમ્પની તારીખ નક્કી થયા બાદ અત્રેની કચેરીને રજુ કરવા જણાવવામાં આવે છે.

**બીડાણ:-** સંદર્ભપત્ર

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત.જિ.સુરત.

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,**
**વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯ ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૧૦,**
**ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, ઇ-મેઈલ:-dpe.guj@gmail.com**

ક્રમાંક: પ્રાશિનિ/ખ-૨/અનુ.રોસ્ટર/૨૦૨૬/2234-45 તા.૧૯/૦૫/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ

વિષય:- અનુદાનિત પ્રાથમિક શાળાના શિક્ષકો તથા મુખ્ય શિક્ષકોના (વર્ગ-૩)ના રોસ્ટર રજિસ્ટર તૈયાર રાખવા બાબત.
સંદર્ભ- શિક્ષણ વિભાગના પત્રાંક: ED/MIS/e-file/3/2024/4565/CH, તા.૨૨/૦૪/૨૦૨૬

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પ્રત્વે જણાવવાનું કે, આ સાથે સામેલ શિક્ષણ વિભાગના તા.૨૨/૦૪/૨૦૨૬ના પત્રથી રાજ્યની અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં RTE એક્ટ-૨૦૦૯ મુજબ વિદ્યાર્થી અને શિક્ષકના પ્રમાણને અનુલક્ષીને કરવાની થતી ભરતી અંગે સેટઅપ પ્રમાણિત કરીને આપવામાં આવેલ છે. તેથી અનુદાનિત પ્રાથમિક શાળાના શિક્ષકો તથા મુખ્ય શિક્ષકોના (વર્ગ-૩) સંવર્ગના સીધી ભરતીના અલગ રોસ્ટર રજિસ્ટર નિભાવવાના થાય છે.

આગામી સમયમાં અનુદાનિત પ્રાથમિક શાળાના શિક્ષકો તથા મુખ્ય શિક્ષકોના (વર્ગ-૩)ની સીધી ભરતીના રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરાવવાના કેમ્પનું અત્રેની કચેરી દ્વારા આયોજન કરવામાં આવનાર હોઈ તા.૩૧/૦૫/૨૦૨૬ની સ્થિતિએ આપના જિલ્લાની અનામતની ટકાવારી અને રોસ્ટર રજિસ્ટર તૈયાર કરવા સંદર્ભે સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ વખતોવખતની સુચનાઓ/જોગવાઈઓ ધ્યાને લઈ આપના કાર્યક્ષેત્ર હેઠળ આવતી અનુદાનિત પ્રાથમિક શાળાઓ અન્વયે અનુદાનિત પ્રાથમિક શાળાના શિક્ષકો તથા મુખ્ય શિક્ષકોના (વર્ગ-૩) સીધી ભરતીના રોસ્ટર રજિસ્ટર અપડેટ કરીને **તા.૩૧/૦૫/૨૦૨૬** સુધીમાં તૈયાર રાખવા આથી જણાવવામાં આવે છે. અત્રેથી કેમ્પની તારીખ નક્કી થયેથી તે અંગેની અલગથી જાણ કરવામાં આવશે.

માન. નિયામકશ્રીના નોંધ ઉપર આદેશાનુસાર.

બિડાણ: ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

82
19/05/26

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

બ્લોક નં. ૫, ૮મો માળ, સચિવાલય,

ગાંધીનગર-૩૮૨૦૧૦.

ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૩૬, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૨૫, ઇ-મેઇલ: so-ch-edu@gujarat.gov.in

ક્રમાંક: ED/Miscellaneous/e-file/3/2024/4565/CH

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
વિધ્યા સમીક્ષા કેન્દ્ર,
સેકટર-૧૯, ગાંધીનગર.

વિષયઃ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં RTE Act, 2009 મુજબ વિધાર્થી-શિક્ષકના ગુણોત્તર મુજબ શિક્ષક અને મુખ્ય શિક્ષક સંવર્ગનું મહેકમ નિયત કરવા તથા ખાલી રહેલ જગ્યા ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગેના આપની કચેરીના તા.૨૭/૦૧/૨૦૨૬ અને તા.૦૯/૦૪/૨૦૨૬ના પત્ર (ક્રમાંક: : DPE/REG/e-file/105/2024/5928/Kh-2) થી રાજ્યની હાલમા કાર્યરત ૫૩૮ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં RTE Act, 2009 મુજબ વિધાર્થી-શિક્ષકના ગુણોત્તર મુજબ ભરતી પ્રક્રિયા હાથ ધરવા તા.૩૧/૦૭/૨૦૨૫ ની સ્થિતિએ તૈયાર કરેલ જિલ્લાવાર સેટ-અપ રજીસ્ટર નિયત કરવા અંગેની દરખાસ્ત પરત્વે જણાવવાનું કે,

તા.૩૧/૦૭/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં વયપત્ર ( General register ) પર નોંધાયેલ વિધાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ માં તા.૩૧/૦૭/૨૦૨૫ ની સ્થિતિએ RTE એક્ટ-૨૦૦૯ની કલમ-૨૫ની જોગવાઈ મુજબ આ સાથે સામેલ પત્રક મુજબ ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ ની અનુદાનિત પ્રાથમિક શાળામા શિક્ષક અને મુખ્ય શિક્ષક સંવર્ગનું મહેકમ નીચે મુજબની શરતોને આધીન જિલ્લાવાર મંજુર કરવા અને ખાલી રહેલ જગ્યા નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી ભરવા અંગેની મંજુરી આપવામા આવે છે.

<u>શરતો:-</u>

- ઉક્ત વિગતે રાજ્યની અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં વયપત્ર ( General register ) પર નોંધાયેલ વિધાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ વર્ષ-૨૦૨૬-૨૭ માં તા.૩૧/૦૭/૨૦૨૫ ની સ્થિતિએ RTE એક્ટ-૨૦૦૯ની કલમ-૨૫ની જોગવાઈ મુજબ મળવાપાત્ર ધોરણ-૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ ની શાળામા અનુક્રમે ૧,૧૦૧ અને ૨,૬૩૭ મળી કુલ ૩,૭૩૮ જગ્યા અને મુખ્ય શિક્ષકની કુલ-૩૯૬ જગ્યા નિયત કરવામા આવે છે અને તે પૈકી ખાલી રહેલ જગ્યા ભરવા અંગેની મંજુરી આપવામા આવે છે તથા જિલ્લાવાર મંજુર થયેલ જગ્યા ધ્યાને લઇને શાળાવાર મહેકમ નિયત કરવા અંગેના વિગતવાર હુકમો નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરી કક્ષાએથી તાત્કાલિક કરી તેની જાણ સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી /જિલ્લા શિક્ષણાધિકારી/ શાસનાધિકારી અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને તથા સબંધિત અનુદાનિત શાળાને કરવાની રહેશે.
- રાજ્ય સરકાર સાથેના પત્ર વ્યવહારમાં તથા તમામ હેતુ માટે તા.૩૧/૦૭/૨૦૨૫ ની સ્થિતિએ ઉપર મુજબનું મંજૂર શિક્ષક અને મુખ્ય શિક્ષક મહેકમ ગણવાનું રહેશે.

- ઉક્ત વિગતે મંજુર કરેલ મહેકમ બાબતે આ વિભાગ દ્વારા અન્ય કોઇ સૂચના / હુકમો કરી ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી આ મંજૂર કરેલ શિક્ષક અને મુખ્ય શિક્ષક મહેકમ ચાલુ રહેશે.

આપનો વિશ્વાસુ,

બિડાણ: પત્રક

(આર. જે. ચૌધરી)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

**રાજ્યની ૫૩૮ અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓનું સેટ-અપ રજિસ્ટર શૈક્ષણિક વર્ષ 2025-26 મા શાળાના વયપત્રક પર નોધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ નિયત કરવા બાબત.**

| ક્રમ | જિલ્લો | શાળાની સંખ્યા | ધોરણ ૧ થી ૫ | | | | | ધોરણ ૬ થી ૮ | | | | | HTAT મળવાપાત્ર (RTE Act મુજબ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વિદ્યાર્થી સંખ્યા | મંજૂર વર્ગો | RTE મુજબ મળવાપાત્ર શિક્ષકો | કામ કરતા શિક્ષકો | ખાલી જગ્યા | વિદ્યાર્થી સંખ્યા | મંજૂર વર્ગો | RTE મુજબ મળવાપાત્ર શિક્ષકો | કામ કરતા શિક્ષકો | ખાલી જગ્યા | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 1 | અમદાવાદ ગ્રામ્ય | 18 | 2401 | 53 | 62 | 29 | 33 | 3595 | 85 | 111 | 55 | 56 | 13 |
| 2 | અમદાવાદ શહેર | 9 | 1617 | 49 | 47 | 32 | 15 | 1402 | 33 | 44 | 31 | 13 | 7 |
| 3 | અમરેલી | 4 | 156 | 13 | 5 | 3 | 2 | 367 | 16 | 12 | 7 | 5 | 3 |
| 4 | અરવલ્લી | 16 | 61 | 5 | 3 | 0 | 3 | 3510 | 80 | 109 | 66 | 43 | 12 |
| 5 | આણંદ | 79 | 6060 | 186 | 181 | 158 | 23 | 11420 | 259 | 368 | 247 | 121 | 58 |
| 6 | કચ્છ | 16 | 2989 | 101 | 88 | 53 | 35 | 3258 | 86 | 103 | 35 | 68 | 13 |
| 7 | ખેડા | 48 | 3350 | 103 | 99 | 86 | 13 | 7007 | 175 | 227 | 151 | 76 | 36 |
| 8 | ગાંધીનગર | 38 | 520 | 25 | 16 | 12 | 4 | 4141 | 144 | 136 | 99 | 37 | 22 |
| 9 | છોટાઉદેપુર | 11 | 0 | 0 | 0 | 0 | 0 | 1578 | 40 | 51 | 27 | 24 | 8 |
| 10 | જામનગર | 8 | 1104 | 39 | 35 | 29 | 6 | 580 | 18 | 22 | 1 | 21 | 3 |
| 11 | જૂનાગઢ | 3 | 181 | 10 | 7 | 6 | 1 | 141 | 9 | 9 | 3 | 6 | 0 |
| 12 | ડાંગ | 1 | 247 | 5 | 7 | 4 | 3 | 167 | 3 | 5 | 2 | 3 | 1 |
| 13 | તાપી | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 463 | 12 | 14 | 7 | 7 | 2 |
| 14 | દાહોદ | 23 | 3829 | 128 | 105 | 99 | 6 | 4409 | 111 | 134 | 98 | 36 | 19 |
| 15 | દેવભૂમિ દ્વારકા | 1 | 95 | 5 | 4 | 2 | 2 | 116 | 3 | 4 | 3 | 1 | 1 |
| 16 | નર્મદા | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 86 | 3 | 3 | 3 | 0 | 0 |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | નવસારી | 5 | 327 | 11 | 10 | 7 | 3 | 779 | 27 | 26 | 8 | 18 | 4 |
| 18 | પંચમહાલ | 21 | 911 | 20 | 25 | 18 | 7 | 3767 | 74 | 118 | 66 | 52 | 17 |
| 19 | પાટણ | 14 | 1898 | 81 | 53 | 46 | 7 | 1879 | 55 | 58 | 41 | 17 | 10 |
| 20 | બનાસકાંઠા | 17 | 1066 | 24 | 28 | 16 | 12 | 2755 | 69 | 89 | 42 | 47 | 12 |
| 21 | બોટાદ | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 10 | 3 | 3 | 2 | 1 | 0 |
| 22 | ભરૂચ | 18 | 245 | 5 | 7 | 3 | 4 | 3142 | 94 | 100 | 66 | 34 | 15 |
| 23 | ભાવનગર | 5 | 1091 | 28 | 29 | 14 | 15 | 1183 | 26 | 36 | 12 | 24 | 5 |
| 24 | મહીસાગર | 12 | 372 | 15 | 13 | 8 | 5 | 1501 | 46 | 50 | 27 | 23 | 8 |
| 25 | મહેસાણા | 42 | 1002 | 27 | 28 | 21 | 7 | 5367 | 156 | 172 | 115 | 57 | 30 |
| 26 | મોરબી | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 116 | 3 | 4 | 3 | 1 | 1 |
| 27 | રાજકોટ | 4 | 203 | 15 | 10 | 10 | 0 | 184 | 12 | 13 | 2 | 11 | 1 |
| 28 | વડોદરા | 43 | 3220 | 67 | 86 | 65 | 21 | 7713 | 182 | 237 | 155 | 82 | 41 |
| 29 | વલસાડ | 10 | 1099 | 30 | 29 | 22 | 7 | 1627 | 42 | 53 | 30 | 23 | 8 |
| 30 | સાબરકાંઠા | 39 | 1292 | 49 | 35 | 28 | 7 | 5045 | 152 | 171 | 102 | 69 | 21 |
| 31 | સુરત | 21 | 2342 | 54 | 64 | 40 | 24 | 4081 | 86 | 127 | 62 | 65 | 20 |
| 32 | સુરેન્દ્રનગર | 7 | 848 | 38 | 25 | 17 | 8 | 857 | 27 | 28 | 19 | 9 | 5 |
| | Grand Total | 538 | 38526 | 1186 | 1101 | 828 | 273 | 82246 | 2131 | 2637 | 1587 | 1050 | 396 |